# રોશી

## ખોટથી ખુમારી સુધી અને
## નિષ્ફળતાથી નિરાંત સુધીની કથા


ડૉ. નિમિત્ત ઓઝા



પ્રકાશક

ZEN OPUS

ZEN OPUS

www.zenopus.in

# પ્રસ્તાવના

પુસ્તક ‘સટોરી’ના સર્જન પછી એક ખાલીપો રહ્યો. એક એવું પોસ્ટ-પાર્ટમ ડિપ્રેશન જેમાં કશુંક જન્મ્યા પછી શૂન્યાવકાશ લાગે. વાચકોએ પૂછ્યું કે દીકરી માટે ‘સટોરી’ લખ્યું તો દીકરા માટે શું? કોઈ કથા જેન્ડર સ્પેસિફિક નથી હોતી. ઉદ્ધાર કરતાં પહેલાં કોઈ કથા તમને તમારી જાતિ કે શૈક્ષણિક લાયકાત નથી પૂછતી. એ તો બસ તૈયારી પૂછે છે. હાથમાં લીધેલું દરેક પુસ્તક આપણને એક સૂક્ષ્મ અને સીધો સવાલ કરતું હોય છે ‘Are you ready to get transformed?’ જે વાચક ઇચ્છા અને તૈયારી બતાવે છે, કથા તેના પર વરસી પડે છે.

છતાં એક સવાલ મનમાં તરતો રહ્યો. જો મારે દીકરો હોત, તો તેના સુધી કયું સત્ય પહોંચાડ્યું હોત? જગતનું એવું કયું સત્ય છે જે દરેક માટે જાણવું જરૂરી છે? બસ, એ વિચારના સ્તંભ પર આ પુસ્તક રચાયું છે. મારા ઉછેર દરમિયાન જે વિચારધારા સતત મારામાં રોપવામાં આવી, એ આઇડિયોલૉજી આજે તમારા સુધી પહોંચાડું છું.

આજથી વીસ વર્ષ પહેલાં મારા જીવનની બે મુખ્ય અનિશ્ચિતતા હતી, પ્રેમ અને પૈસો. જે પાત્ર ગમ્યું હોય તેનો પ્રેમ મળી જાય અને ઇચ્છ્યો હોય એટલો રૂપિયો મળી જાય તો જિંદગી આબાદ થઈ જાય. પણ ધાર્યું હોય એવું કશું જ નથી થતું. નિયતિના પ્લાન્સ કાંઈક અલગ જ હોય છે. સપનું તૂટ્યા પછી એના વેરવિખેર અણીદાર ટુકડાઓ પર ખુલ્લા પગે ચાલવાની તૈયારી હોય, તો જ સપનું જોવાની હિંમત રાખવી.

જીવતા રહેવું અને જીવ્યા કરવું એ બંને પ્રવૃત્તિઓ ફક્ત બહાદુર માણસને જ પોસાય. જ્યાં નિષ્ફળતા, ખોટ અને હાર્ટ-બ્રેક જેવા સદાબહાર અને વફાદાર સાથીઓ હોય, ત્યાં પ્રગતિ અને પ્રેમની કલ્પના કરવી પણ બળવો કહેવાય. છતાં એ બળવો મંજૂર છે, કારણ કે આપણી પાસે કેટલીક એવી વિચારધારા અને સિદ્ધાંતો છે જે પારાવાર દુઃખની વચ્ચે પણ ટકી રહેવાનું બળ આપે છે. તમે એને જીવન જીવવાનું મૅન્યુઅલ પણ કહી શકો.

ટીવી, ફ્રિજ, વૉશિંગ મશીન કે કાર સાથે એનું મૅન્યુઅલ આવે છે. એને કઈ રીતે ઑપરેટ કરવું એની માર્ગદર્શિકા, એવી જ કેટલીક સૂચનાપોથી જીવનનિર્વાહ

માટે પણ હોય છે. આપણી મોટા ભાગની યાતનાઓ એ મૅન્યુઅલ વિશેના અજ્ઞાનમાંથી જન્મે છે. કાં તો આપણે એને વાંચતા નથી અને વાંચીએ છીએ તો સમજતા નથી. એ જીવન માર્ગદર્શિકાના અમુક અંશ તમારા સુધી સરળ શૈલીમાં પહોંચાડવા, એ જ આ કથાનો હેતુ છે.

આ કથા 'Alter Ego' એટલે કે વૈકલ્પિક ઓળખની છે. આપણા દરેકમાં એક એવી 'અન્ય જાત' વસતી હોય છે જેનાથી આપણે અજાણ હોઈએ છીએ. એક એવી 'સેકન્ડ સેલ્ફ' જે આપણી વર્તમાન જાત કરતાં અલગ હોય છે. જૂની ઓળખના મોહમાં ફસાયેલા આપણે આ 'સેકન્ડ સેલ્ફ'ને ઓળખી નથી શકતા. જૂની ઓળખ પ્રત્યેનો લગાવ જ આપણી યાતનાનું કારણ બની જાય છે. આ કથા જૂની ઓળખ ભૂંસીને એક નવી ઓળખનું નિર્માણ કરવાની છે.

આપણે સૌ એક નવા અને ઉન્નત જીવનથી ફક્ત એક અભિગમ જેટલા જ દૂર હોઈએ છીએ. ઘટના કરતાં ઘટના પ્રત્યેનો અભિગમ આપણને વધુ પ્રભાવિત કરે છે. ઘટના આપણા કંટ્રોલમાં નથી હોતી, પણ એ અભિગમ બદલી શકવાની ક્ષમતા જ આપણી ખરી તાકાત હોય છે. એક સરસ વિધાન છે 'If you change the way you look at things, the things you look at change.' ક્યારેક ફક્ત દૃષ્ટિ બદલવાથી દૃશ્ય બદલાઈ જાય છે. એ દૃષ્ટિ બદલવાની આવડત આપણે કેળવવી પડશે, કારણ કે એમાં જ આપણી નિરાંત અને મુક્તિ રહેલી છે. કોઈ ઘટનાને અલગ ઍન્ગલથી જોઈ શકવી, એ જ ખરી ઇન્ટેલિજન્સ છે. ફરિયાદ અને રોકકળ તો મૂર્ખનું લક્ષણ છે. આપદામાં પણ અવસર શોધી કાઢે, એ ખરા બુદ્ધિજીવી.

આ અભિગમ એમ જ નથી કેળવાતો. આધ્યાત્મિક આરોહણ માટે સૌથી જરૂરી કાંઈ હોય તો એ દીક્ષા છે. એ યત્નપૂર્વક હોય કે અનાયાસે, પણ આપણા જીવનમાં જ્યારે કોઈ ગુરુના જ્ઞાનનો અભિષેક થાય છે ત્યારે અચાનક બધું બદલાઈ જાય છે. પ્રેમિકા કરતાં ગુરુની હાજરીમાં આ વિશ્વ વધુ રંગીન લાગે છે, કારણ કે જ્ઞાન કેટલાક એવા રંગો બતાવે છે જે પ્રેમ નથી બતાવી શકતો.

પ્રેમ કે પર્પઝથી ભટકી ગયેલા દરેક યાત્રીને એક દાર્શનિકની જરૂર પડે છે જે તેને આત્મદર્શન કરાવી શકે. આ કથા એવા જ આત્મદર્શનની છે.

**-ડૉ. નિમિત્ત ઓઝા**